કતારગામમાં તક્ષશિલા અગ્નિકાંડ સર્જાતા સર્જાતા રહી ગયો

# લોકો જીવ બચાવવા ટેરેસ પર ભાગ્યા

**ટેરેસનો** દરવાજો લોક હોવા છતાં ફાયર ફાઈટરો બીએ સેટ પહેરી મકાનમાં કૂદી પડ્યા

સુરતઃ શહેરના કતારગામ વિસ્તારમાં લલિતા ચોકડી પાસે આવેલ કોમ્પ્લેક્સમાં આજે તક્ષશિલા અગ્નિકાંડ જેવી દુર્ઘટના સર્જાતા સહેજમાં રહી ગઈ હતી. શહેરના કતારગામ વિસ્તારમાં આવેલી લલિતા ચોકડી પાસે કંતારેશ્વર સોસાયટીમાં આવેલા રામેશ્વર કોમ્પ્લેક્સમાં આજે તક્ષશિલા આગ્રકાંડ જેવી જ દુર્ઘટના સર્જાતા રહી ગઈ હતી. બપોરના સમયે અચાનક જ કોમ્પ્લેક્સને પાર્કિંગમાં આવેલી 12થી 13 જેટલી મીટરપેટીમાં શોર્ટ સર્કિટ બાદ આગ લાગી હતી. જેના કારણે આખી બિલ્ડિંગમાં ધુમાડો પ્રસરી જતાં બીજા અને ત્રીજા માળે રહેતા પરિવારો જીવ બચાવવા બિલ્ડિંગના ટેરેસ પર ભાગ્યા હતા. પરંતુ અગાસીનો દરવાજો લોક હોવાને કારણે તમામ લોકો દાદરમાં જ ફસાઈ ગયા હતા. સમયનો બગાડ કર્યા વગર જ તાત્કાલિક ફાયર બ્રિગેડના જવાનોએ બીએસેટ પહેરી કોમ્પ્લેક્સમાં ઘૂસી ગયા હતા અને ત્રીજા માળે અગાસી પાસે દાદરમાં ફસાયેલા પાંચેયને બચાવી લેવાયા હતા.

### રેસ્ક્યુ કરાયેલા લોકોની યાદી

(1) હિરાબેન મહેતા (ઉ.વ.18)
(2) મીરાબેન પટેલ (ઉ.વ.18)
(3) હાર્દિક ત્રિવેદી (ઉ.વ.18)
(4) ઘનશ્યામભાઈ રંગપરા (ઉ.વ.35)
(5) પપ્પુ ફારૂક (ઉ.વ.24)

### ત્રીજા માળની બારીમાંથી મોબાઈલ બતાવી મદદ મંગાઈ

ફાયર સબ ઓફિસર રમેશ સેલરે જણાવ્યું હતું કે, ત્રીજા માળ ઉપર તેઓ જ્યારે સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે ત્રીજા માળ ઉપર ફસાયેલા લોકોએ ઓફિસની બારીમાંથી મોબાઈલ બતાવી મદદ માટે બૂમો પાડી હતી. આથી ફાયર બ્રિગેડના જવાનો તુરંત ત્રીજા માળ ઉપર પહોંચી ગયા હતા. ત્રીજા માળ ઉપરની આ ઓફિસમાં કુલ 5 જેટલા લોકો હતા. જેઓ પહેલાં પાચમાં માળની અગાસી ઉપર પહોંચ્યા હતા. જો કે, અગાસીનો દરવાજો લોક હોવાથી તેઓ પરત ત્રીજા માળ ઉપરની ઓફિસમાં આવી ગયા હતા.

### પ્રમુખનો ઉધ્ધતભર્યો જવાબ, ચોરી ન થાય એટલે દરવાજો લોક હતો

આ દુર્ઘટના બાદ ફાયર ઓફિસર રમેશ સેલર દ્વારા સોસાયટીના પ્રમુખનો ઉધડો લીધો હતો અને કોમ્પ્લેક્સનો અગાસીનો ગેટ શા માટે બંધ રાખવામાં આવ્યો તેનો ખુલાસો પૂછતાં પ્રમુખે પણ ઉદ્ધતાઈભર્યો જવાબ આપતા જણાવી દીધું હતું કે સોસાયટીમાં ચોરીનો બનાવ બને છે. જેથી અગાસીના ટેરેસ પર દરવાજાને લોક મારી રાખવામાં આવ્યું હતું.

### પહેલા માળે ફસાયેલા લોકોને પતરાંના સહારે નીચે ઉતારાયા

રામેશ્વરમ નાવના કોમ્પ્લેક્સના દાદરના પેસેજમાં લગાવેલાં મીટરોમાં શોર્ટ સર્કિટને કારણે લાગેલી આગ એટલી હદે ફેલાઈ ગઈ હતી કે, પહેલા માળ ઉપર ફસાયેલા લોકો પોતે બહાર નીકળી શક્યા ન હતા. ફાયરની ટીમ પહોંચે એ પહેલાં ફસાયેલા કેટલાક લોકો બહાર ઊભેલા લોકોના સહારે જીવના જોખમે સુરક્ષિત રીતે નીચે ઊતરી ગયા હતા.

NATA
ENTRANCE EXAM PREPARATION 2025-26
10th To 12th & DIPLOMA
ARCHITECT
INTERIOR
JEE-2
NID
FINE ARTS
GAJENDRA MAJITHIA
New citylight
91-98251-47447







(તસવીરઃ સતીષ જાદવ)

### કતારગામમાં આર્થિક ભીંસમાં યુવકનો આપઘાત

સુરતઃ મૂળ મહારાષ્ટ્ર રાયગઢના વતની અને હાલ કતારગામ ધ્રુવતારક સોસાયટીમાં આવેલા શિવ રંજની એપાર્ટમેન્ટમાં રહેતા ૪૨ વર્ષીય જીગ્નેશભાઈ બાલારામ સાકલે છૂટક મજૂરી કામ કરતા હતા. તેમને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. જીગ્નેશભાઈ છેલ્લા એક-બે મહિનાથી બેરોજગાર હતા. તેની પત્ની ગારમેન્ટમાં નોકરી કરે છે. ગઈકાલે રાત્રે જીગ્નેશભાઈએ ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જીગ્નેશભાઈએ કામધંધો બરાબર નહીં ચાલતા આર્થિક સંકડામણમાં આવી આપઘાતનું પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

### કતારગામમાં મહિલાનો ઝેરી દવા પી આપઘાત

સુરતઃ કતારગામ વિસ્તારમાં આવેલી મકનજી પાર્ક સોસાયટીમાં રહેતા ઘનશ્યામભાઈ કાકલોતર છેલ્લા ઘણા સમયથી માનસિક બીમારીથી પીડાઈ રહ્યા છે અને તેની દવા પણ ચાલુ છે. પતિની બીમારીના લીધે તણાવમાં રહેતી પત્ની સંગીતાબેન (ઉ.વ.38) એ ગઈકાલે બપોરે ઘરે અનાજમાં નાખવાની ઝેરી દવા પી લેતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

### ગોડાદરામાં કામ ધંધો નહીં મળતા યુવકે ઝેર પીધું

સુરતઃ મૂળ તેલંગાણાના વતની અને હાલ ગોડાદરા મહારાણા પ્રતાપ ચોક પાસે આવેલી કેશરભવાની સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષિય સુરેશ ઉપેન્દ્ર ગુડ્ડુ ટેક્સટાઇલ માર્કેટમાં ડિઝાઇનર તરીકે નોકરી કરતા હતા. તેમને યોગ્ય કામધંધો નહીં મળતા ગત ૭મીએ રાત્રે સુરેશભાઈએ ઘર નજીક આવેલી વિવેકાનંદ સ્કૂલ પાસે ઝેરી દવા પી લીધી હતી. જેથી તેમને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં કાલે તેમનું મોત થયું હતું.

### યોગી ચોકમાં ડાયાબિટીસથી કંટાળેલી મહિલાનો આપઘાત

સુરતઃ સરથાણામાં યોગીચોક સ્થિત કિરણ ચોક નજીક આવેલ રિદ્ધિ એપાર્ટમેન્ટમાં રહેતા અરવિંદભાઈ ચોવટિયા એમ્બ્રોઇડરીના મશીન રીપેરીંગનું કામકાજ કરે છે. તેઓને સંતાનમાં એક પુત્ર છે. તેમની પત્ની ૩૭ વર્ષીય ગીતાબેન છેલ્લા ૧૧ વર્ષથી ડાયાબિટીસની બીમારી તથા અવાર-નવાર ચક્કર આવવાની બીમારીથી પીડાતા હતા. જે બીમારીથી કંટાળી ગીતાબેને ગઈકાલે બપોરે ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

## ઓરિસ્સામાં બેંક લૂંટનાર સુરતના સચિનમાં ઝડપાયો

**કુખ્યાત** લુંટારુ રોશનકુમાર ઉર્ફે લડુ અખિલેશ સિંહ સચિન નજીકના તલંગપોરમાં વેશ પલટો કરીને રહેતો હતો

સુરતઃ ગત ૧૯મી જાન્યુઆરીના રોજ ઓરિસ્સાના બડબિલ ખાતે આવેલી બેંક ઓફ મહારાષ્ટ્રમાં લૂંટારુ ટોળકીએ ગ્રાહકો અને સ્ટાફને બાનમાં લઈ બંદૂકની અણીએ ૭.૫૩ કિલોગ્રામ સોનાના દાગીના (જેની કિંમત આશરે ૫ કરોડ આંકવામાં આવી હતી) અને ૮ લાખ રૂપિયાની રોકડની લૂંટી નાસી છૂટ્યા હતા. ઓરિસ્સા પોલીસે તપાસ દરમિયાન બિહારના વૈશાલી અને પટનાથી બે આરોપીઓને અગાઉ ઝડપી લીધા હતા, જ્યારે અન્ય સાગરીતો ફરાર હતા. જે પૈકીનો એક કુખ્યાત લૂંટારૂ રોશનકુમાર ઉર્ફે લડુ અખીલેશ સિંહ સુરતના સચિન જીઆઈડીસી વિસ્તારમાં છુપાયો હોવાની બાતમી મળી હતી. તે તલંગપોર રોડ પર આવેલી સાંઈનાથ સોસાયટીમાં વેશ પલટો કરી રહેતો હતો. સચિન જીઆઈડીસી પોલીસે બાતમીના આધારે ગત રોજ ઓપરેશન પાર પાડી તેને તેના નિવાસસ્થાનેથી દબોચી લીધો હતો.પકડાયેલો આરોપી બિહારનો વતની હોવાનું બહાર આવ્યું છે. પ્રાથમિક પૂછપરછમાં તેણે કબૂલ્યું હતું કે ધરપકડથી બચવા માટે તે છેલ્લા ચાર મહિનાથી સુરતમાં આશરો લઈ રહ્યો હતો. સુરત પોલીસે આ અંગે ઓરિસ્સા પોલીસને જાણ કરી છે અને ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. આ ગેંગ અન્ય કેટલા ગુનામાં સંડોવાયેલી છે તે દિશામાં પણ હવે સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

## પરિવાર ઘરમાં હતો ને કોઈ દરવાજે તાળું મારી ભાગી ગયો

**ડિંડોલીમાં** બનેલી ઘટનામાં ફાયરની ટીમે તાળું તોડીને પાંચને બહાર કાઢ્યા

**પાંચ** સભ્યોને ઊંઘમાં જ મકાનમાં પૂરીને ફરાર થયેલી વ્યક્તિ પરિવારની હોવાની આશંકા

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં સવારે બનેલી એક ઘટનાને પગલે ધમાચકડી મચી ગઈ હતી. પરિવારના પાંચ સભ્યને ઘરની અંદર પૂરીને કોઈ બહારથી દરવાજાને તાળું મારીને ભાગી ગયો હતી. જ્યારે અંદર ફસાયેલા સભ્યો ડરી ગયા હતા અને મદદ માટે બૂમો પાડવા લાગ્યા હતા. તેથી આસપાસ રહેતા બીજા રહીશો પણ દોડી આવ્યા હતા, પંરતુ દરવાજાના બહારથી તાળું મારેલું હોવાથી આ અંગે ફાયર કંટ્રોલને જાણ કરવામાં આવી હતી ત્યાર બાદ ફાયર બ્રિગેડના જવાનોની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તાળું તોડીને તમામ સભ્યોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા.

ફાયર બ્રિગેડના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ડિંડોલી ખાતે બાલાજી રેસિડેન્સી આવી છે. સવારે ફ્લેટ નંબર 704 માં પરિવારના પાંચ સભ્ય ફસાઈ ગયા હોવા અંગે કોલ મળતા ફાયર બ્રિગેડના જવાનોની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ત્યારે ખબર પડી હતી હતી કે દરવાજાને બહારથી તાળું મારેલું છે. ફાયર જવાનો દ્વારા તાળું તોડવામાં આવ્યું હતું અને અંદર ફસાયેલા પરિવારના બધા સભ્યોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. એટલું જ નહીં એવું પણ જાણવા મળ્યું હતું કે પરિવારમાંથી જ કોઈ વ્યક્તિ પાંચ સભ્યને ઊંઘમાં જ અંદર પૂરીને દરવાજાના બહારથી તાળું મારી ચાવી પણ સાથે લઈને ભાગી ગઈ હતી. અંદર ફસાય જવાને પગલે પરિવારના સભ્યો ગભરાયા હતા અને મદદ માટે બૂમાબૂમ કરવા લાગ્યા હતા ત્યારે સ્થાનિક રહીશો તેમના ફ્લેટ પાસે દોડી આવ્યા હતા પરંતુ દરવાજાને બહારથી તાળું મારેલું હોવાથી અને આ વિચિત્ર ઘટનાને પગલે ત્યાં હાજર લોકો ચોંકી ગયા હતા. ઘટના અંગે ફાયર કન્ટ્રોલને જાણ કરવામાં આવી હતી. જોકે આ કૃત્ય કોણે અને કયા કારણસર કરવામાં આવ્યું હતું તે અંગે સ્પષ્ટ જાણવા મળ્યું નથી.

## ઠગ બિલ્ડર ભરત સિંધીની જામીન અરજી નામંજૂર

**દલાલ** વિજય મહેતાની આગોતરાં જામીન અરજી ફગાવી દેવાઈ

**દમણમાં** થ્રી-સ્ટાર હોટલ એન્ડ ફ્લેટ્સના પ્રોજેક્ટના નામે ઠગાઈ કરી હતી

સુરતઃ દમણમાં હોટલના નામે ઠગાઈ કરનાર બિલ્ડરની સુરતના બિલ્ડરની જામીન અરજી અને દલાલની આગોતરાં જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. સુરતના અરવિંદ નટવરલાલ ચેવલીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, સિટીલાઈટના મોનાલીસા પાર્કમાં રહેતા બિલ્ડર ભરત મોહનદાસ ભારવાની ઉર્ફે ભરત સિંધી અને તાડવાડીની નીતા સોસાયટીમાં રહેતા દલાલ વિજય હરેન્દ્રલાલ મહેતાએ દમણના દરિયા કિનારે ફ્લેટના માલિક અને હોટલના ભાગીદાર બનાવવાની લાલચ આપતી સ્કાયડેક થ્રી-સ્ટાર હોટલ અને ફ્લેટ્સના પ્રોજેક્ટ માટે ન્યૂઝપેપરમાં મોટી જાહેરાત છપાવી હતી. પરંતુ પ્રોજેક્ટની અડધી જમીન તો બિલ્ડર ભારવાનીની માલિકીની ન હતી. બાંધકામ પણ અધૂરૂં રાખ્યું હતું. પ્રોજેક્ટવાળી જમીન અને તેની ઉપરનું બાંધકામ સુધ્ધાં બીજાને વેચી દીધા હતા. તેથી અરવિંદ ચેવલીએ પોતાના તથા સાહેદોના મળી કરોડો રૂપિયા ચાંઉ કરી જવા બદલ બિલ્ડર અને દલાલ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેની તપાસ ઈકો સેલ કરે છે. જે કેસમા બિલ્ડરે નિયમિત જામીન અરજી અને દલાલે આગોતરા જામીન અરજી કરી હતી. સરકાર પક્ષે વકીલ કે. ડી. ખેરનાર અને ફરિયાદીનાં વકીલ સમર્થ કાપડિયાએ જામીન અરજીનો વિરોધ કર્યો હતો.

## પતિ સાથેની અંગત પળોનો વિડીયો જોઈ પરિણીતા ચોંકી ગઈ

**છૂટાછેડાનો** કેસ ચાલતો હોય પતિ અને દિયરે જ વિડીયો મોકલ્યા

સુરતઃ ડિંડોલીમાં છેલ્લા દસ મહિનાથી પિયરમાં રહેતી અને છૂટાછેડા માટે કાયદાકીય લડત લડી રહેલી એક પરિણીતાને તેના જ પતિ અને દિયરે સોશિયલ મીડિયા પર અશ્લીલ વીડિયો મોકલીને બદનામ કરવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ છે.

ડિંડોલી ઈકલેરા રોડ પર આવેલી ગાયત્રી સોસાયટીમાં રહેતી રાધિકા (નામ બદલ્યું છે) ના લગ્ન વર્ષ ૨૦૨૪માં દીપક દેવેન્દ્ર ઝા સાથે થયા હતા. લગ્નજીવનમાં ખટરાગ ઊભો થતા રાધિકા ૧૦ મહિનાથી પિયર રહેતી હતી અને કોર્ટમાં કેસ ચાલતો હતો. અગાઉ જાન્યુઆરીમાં દીપકે રાધિકાની બહેનને અશ્લીલ વીડિયો મોકલ્યા હતા. તે સમયે મહિલા પોલીસે દીપકની શાન ઠેકાણે લાવતા તેણે પોલીસ સમક્ષ માફી માંગી હતી અને મોબાઈલમાંથી તમામ ડેટા ડિલીટ કર્યા હોવાનું નાટક કરી સમાધાન કર્યું હતું. ગત રાત્રિએ રાધિકા જ્યારે ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ જોઈ રહી હતી, ત્યારે એક અજાણ્યા આઈડી પરથી તેને મેસેજ મળ્યો હતો. આ મેસેજ ખોલતા જ તેના પગ તળેથી જમીન સરકી ગઈ હતી, કારણ કે તેમાં રાધિકા અને તેના પતિના અત્યંત અંગત પળોના અશ્લીલ વીડિયો હતા. હજુ તે કંઈ વિચારે તે પહેલાં જ એ જ આઈડી પરથી વોઈસ કોલ આવ્યો હતો. કોલ કરનારે ઉદ્ધતાઈથી કહ્યું કે, 'ઓળખ્યો મને? હું તારો દિયર વિનાયક બોલું છું'રાધિકાએ જ્યારે હિંમત ભેગી કરી દિયરને પૂછ્યું કે તારી પાસે આ વીડિયો ક્યાંથી આવ્યા? ત્યારે ફોનની બીજી બાજુથી તેના પતિ દીપકે વાત સંભાળી લીધી હતી. દીપકે અટ્ટહાસ્ય કરતા જણાવ્યું કે, 'આ વીડિયો મેં જ વિનાયકને આપ્યા છે અને હવે આ આખા સોશિયલ મીડિયામાં વાયરલ કરી તને અને તારા પરિવારને ક્યાંય મોઢું બતાવવા જેવી નહીં રાખું.' સમાજમાં બદનામી અને પતિ-દિયરના માનસિક ત્રાસથી કંટાળીને રાધિકાએ અંતે ડિંડોલી પોલીસ મથકમાં દીપક ઝા અને વિનાયક ઝા વિરુદ્ધ આઈટી એક્ટ અને ધમકીની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી છે.

### BRTS બસની અડફેટે મોતમાં મૃતકના પરિવારને ૧.૫૪ કરોડનું વળતર

સુરતઃ છ વર્ષ પહેલાં કાપોદ્રામાં બીઆરટીએસ બસની અડફેટે મૃત્યુ પામનાર નાં પરિવારને રૂપિયા ૧.૫૪ કરોડનું વળતર ચૂકવવા ટ્રિબ્યુનલે હુકમ કર્યો હતો. કાપોદ્રામાં બી.આર.ટી.એસ. બસ નં.GJ-05-BX-8744 ના ચાલકે રોડ ક્રોસ કરતાં મનીષભાઈ જૈનને અડફેટે લેતાં સારવાર દરમિયાન મૃત્યું થયું હતું. પરિવારજનોએ બી.આર.ટી.એસ.ના ચાલક, માલિક તેમજ વીમા કંપની સામે કોર્ટમાં પાંચ કરોડનો વળતર દાવો કર્યો હતો. આ વળતર દાવા સામે વીમા કંપની તરફથી વકીલ દર્શન શાહે દલીલો કરી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ ટ્રિબ્યુનલ કોર્ટે ફરિયાદ પક્ષની વળતર માંગણી સામે કોર્ટે રૂ.૧,૫૪,૫૯,૭૬૪ વળતર વ્યાજ સાથે ચૂકવવા વીમા કંપનીને હુકમ કર્યો હતો.

## ભૂલથી બીજા ખાતામાં જમા થયેલી રકમની દાદ કોર્ટે ફગાવી

**વ્યવહારમાં** ખાતા નંબર મુખ્ય આધાર, બેંકને જવાબદાર ગણાવી ન શકાયઃ ગ્રાહક કોર્ટ

સુરતઃ ગ્રાહકે પોતે ખોટો એકાઉન્ટ નંબર આપવાના કારણે RTGS રકમ અન્ય ત્રાહિત ખાતામાં જમા થતાં પરત અપાવવાની દાદ માંગતી ગ્રાહકની બેન્ક ઓફ બરોડા સામેની ફરિયાદ ગ્રાહક કમિશને નામંજૂર કરી હતી. ઈલેક્ટ્રોનિક બેંકિંગ વ્યવહારમાં ગ્રાહક દ્વારા ખોટો એકાઉન્ટ નંબર આપવામાં આવે અને તેના આધારે રકમ અન્ય ખાતામાં જમા થઈ જાય તો તે કારણસર બેંકને સેવા ખામી માટે જવાબદાર ઠેરવી શકાય નહીં તેમ ગ્રાહક કોર્ટ પોતાનાં ચુકાદામાં નોંધ્યું હતું. ફરિયાદી લતાબેન વેકરિયાએ બેન્ક ઓફ બરોડા સરથાણા બ્રાન્ચ સામે ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી કે સંબંધી અરિવંદ વેકીરયાના રાજુલા ખાતે બેન્ક ખાતામાં રૂ.૫૦,૦૦૦ RTGS મારફતે નિયત ફોર્મ ભરીને ટ્રાન્સફર કરાવ્યા હતા. પરંતુ ટ્રાન્ઝેકશન ફોર્મમાં એકાઉન્ટ નંબર ભૂલથી અન્યનો નંબર લખાય જતાં આ રકમ ત્રાહિત વ્યક્તિનાં ખાતામાં જમા થઈ હતી. આ બાબતે બેન્ક તરફથી રકમ પરત નહીં મળતાં ફરિયાદીએ બેંકની બેદરકારી અને સેવા ખામી બદલ રકમ પરત અપાવવા સાથે વળતર અપાવવાની દાદ પણ માંગી હતી. જેની સુનાવણી દરમિયાન બેંક ઓફ બરોડા તરફથી એડવોકેટ શ્રેયસ દેસાઈ, ઈશાન દેસાઈ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે RTGS અને NEFT જેવી ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર સિસ્ટમમાં વ્યવહાર મુખ્યત્વે ગ્રાહકે નિયત ફૉર્મમાં દર્શાવેલ લાભાર્થીના એકાઉન્ટ નંબરના આધારે જ કરવામાં આવે છે. RBIની માર્ગદર્શિકામાં ખાતા નંબરને જ મુખ્ય ઓળખ તરીકે માન્ય રાખવાનું જણાવવામાં આવ્યું છે. બેંક તરફથી કોઈ બેદરકારી અથવા સેવામાં ખામી રહી નહોતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ સુરત જિલ્લા ગ્રાહક કમિશને (એડિશનલ) ના પ્રમુખ ન્યાયાધીશ કે. જે. દશૌંદી તથા સભ્ય પૂર્વીબેન જોશીએ પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે ફરિયાદીએ પોતે જ ટ્રાન્ઝેક્શન ફોર્મમાં ખોટો એકાઉન્ટ નંબર દર્શાવ્યો હતો. આવે છે. આવા સંજોગોમાં બેંકને જવાબદાર ગણાવી શકાય નહીં.

મધર્સ ડે | માતાના નિધન બાદ પરિવાર માટે ભણતર છોડનાર શીતલના સંઘર્ષની કથા

## માતાની ખોટ પૂરવા પરિવારની 'મા' બની

**આજે** તલાટી તરીકે ફરજ બજાવતી દીકરીએ સાબિત કર્યું કે ત્યાગ અને સમર્પણ જ સાચું માતૃત્વ છે



સુરતઃ સુરત અને બારડોલી પંથકમાં ફરજ બજાવતા શિતલબેન કલસરીયાની જીવનગાથા મધર્સ ડે પર એક અનોખો સંદેશ આપે છે. જ્યારે શિતલબેન ધોરણ 10 માં અભ્યાસ કરતા હતા, ત્યારે જ કુદરતે તેમની કસોટી કરી અને લાંબી માંદગી બાદ તેમના માતાનું નિધન થયું. આ એવો સમય હતો જ્યારે પરિવારને માતાની સૌથી વધુ જરૂર હતી. તે જ સમયે શિતલબેનના મોટા બહેનને પીટીસીના અભ્યાસ માટે બહાર જવાનું થયું હતું. ઘરની પરિસ્થિતિ અને નાના ભાઈ-બહેનોની જવાબદારી જોઈને, કિશોર વયની શિતલે એક અત્યંત કઠિન નિર્ણય લીધો. તેમણે પોતાનું ભણતર અધવચ્ચે જ છોડી (ડ્રોપઆઉટ કરી) દીધું, જેથી તેઓ ઘરે રહીને માતાની જવાબદારી નિભાવી શકે. રસોઈ બનાવવાથી લઈને ઘરના દરેક સભ્યનું ધ્યાન રાખવા સુધી, તેમણે એવી રીતે ફરજ બજાવી કે પરિવારને માતાની ખોટ ન વર્તાય. પોતાની કારકિર્દીના ભોગે તેમણે વર્ષો સુધી માતૃત્વની ભૂમિકા ભજવી, જે એક દીકરી તરીકે તેમનો અજોડ ત્યાગ હતો.

જોકે, સંઘર્ષના દિવસો બાદ જ્યારે તેમના મોટા બહેન અભ્યાસ પૂર્ણ કરી પરત ફર્યા, ત્યારે શિતલબેનને ફરીથી પોતાના સપના પૂરા કરવાની તક મળી. વર્ષોના અંતરાલ બાદ ફરીથી કલમ પકડવી મુશ્કેલ હતી, છતાં મક્કમ મનોબળ સાથે તેમણે ધોરણ 10 થી પોતાનું ભણતર ફરી શરૂ કર્યું. એક પછી એક શૈક્ષણિક સીડીઓ ચડતા જઈને તેમણે સરકારી પરીક્ષાઓની તૈયારી કરી અને આજે તેઓ બારડોલીના અસ્થાન-ખરવાસા ગ્રામ પંચાયતમાં તલાટી તરીકે ફરજ નિભાવી રહ્યા છે. તેમની સફર અહીં જ અટકી નથી; જીવનમાં હજુ આગળ વધવાની પ્રબળ ઈચ્છા સાથે તેમણે વિસ્તરણ અધિકારીની પરીક્ષા પણ પાસ કરી લીધી છે. શિતલબેનનું જીવન એ વાતનું પ્રમાણ છે કે 'મા' માત્ર જન્મ આપનારી વ્યક્તિ નથી.

## અનેક માતા આજે પણ છતે સંતાને માતૃત્વ ઝંખે છે

**માતૃત્વ** માટે કાનૂની લડત લડતી અનેક માતા, સંતાનથી દૂર કરાયેલી માતાની વેદના



સુરતઃ પારિવારિક અણબનાવ અને તણાવ વચ્ચે એક માતા આજે પણ છતે સંતાને માતૃત્વ માટે ઝંખતી રહી છે. દામ્પત્ય વિચ્છેદ ધરાવતી નંણંદની માનસિક સ્થિતિમાં ભાભી લાગણીમાં પેટનાં દિકરી સાથે સમય વ્યતીત કરવા દીધો અને આ નણંદે ભાભીનાં દિકરીને પોતાની બનાવી દેતાં આજે પણ પાંચ વર્ષની દિકરી ફોઈને જ માં કહે છે. પ્રેમલગ્ન કરી રજીસ્ટ્રર મેરેજ કરનાર અઠવા લાઇન્સની યુવતીએ રીઅલ એસ્ટેટ બ્રોકરનું કામ કરતાં પતિ સામે વકીલ ટીના શર્મા મારફતે ફેમીલી કોર્ટમાં કરેલી સંતાનનાં કબ્જા માટેની ગાર્ડિયન્સ એન્ડ વાડર્ઝ એક્ટની અરજીમાં માતૃત્વ પામવાની વેદના છલકાઈ હતી. આવી અનેક માતાઓ છે જે પારિવારિક વિવાદમાં પોતાનાં બાળકનો કાયમી કબ્જો મેળવવા કાનુનના દરવાજા પર ટકોરા માર્યા છે. આ કેસમાં પિતાની મરજી ન હોવા છંતાપણ વેસુનાં વિજય (નામ બદલ્યુ છે) સાથે સુખી જીવનની આશા સાથે જુન, ૨૦૧૮માં લગ્ન કરનાર વિધી( નામ બદલ્યુ છે)ના આ નિણર્યને બાદમાં પિતાએ સ્વીકારી સુખી સંસારનાં આશિર્વાદ પણ આપ્યાં હતા. પણ વિધીને ક્યાં ખબર હતી કે જેણે જેનાં પર ભરોસો મુકીને સપ્તપદી ફેરા ફર્યા છે, એ જ પોતાના બાળકોથી દુર કરી દેશે. આજે આ વિધી પોતાનાં બાળકોને કાયદેસર માતૃત્વનો પ્રેમ આપવા કાનુની લડાઈ લડી રહી છે.

### માતાને માં કહેવાને બદલે દીકરી ફોઈને માં કહેવા લાગી

સુરતઃ પતિથી અલગ પિયરમાં રહેતી નણંદના કઠીન સમયમાં સાથે રહેનાર વિધી ભાભીએ નણંદને ઓછાપણું ન લાગે એ માટે પોતાની પુત્રી સાથે સમય વ્યતિત કરવા દેતાં હતા. આ માં ને ક્યાં ખબર હતી કે નણંદ પોતાનું માતૃત્વ છીનવી રહી છે. માતા વિધીથી માસુમ બાળકીને સાસરિયા દુર રાખતા થઈ ગયાં. ત્યારબાદ પરિસ્થિતિ એવી સર્જાય કે માસુમ બાળકી માતાને માં કહેવાને બદલે ફોઈને માં કહેતી થઈ ગઈ. પતિ, સાસુ, નણંદ દિકરીની સ્કૂલે પણ માતાને જવા દેતાં ન હતા અને વિધીને રુમમાં પુરી રાખતા હતા.